જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૧/૨૦૧૮ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૯૩ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૧૦ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૮૦/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**નજર ચુકવી ચોરી:-** **સમાચાર યાદી નં.૧૮૧/૧૮**

**માધવપુરા :** જીગ્નેશ કુબેરભાઈ કડીયા (ઉ.વ.૨૩)(રહે,ત્રણ શેરી, કડીયાનાકા, દરીયાપુર) એ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૧/૧૮ ના કલાક ૧૦/૧૫ વાગ્યાના સુમારે માધવપુરા ભગવતી કોમ્પલેક્ષ સામે રોડ પર પાર્ક કરેલ એક્ટિવા નંબર જીજે.૦૧.પી.એન.૬૨૫૫ ની ડેકીમાંથી કોઇ અજાણી વ્યક્તિ રોકડા રૂપિયા ૨૯,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.જી.પરમાર ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૮૨/૧૮**

**નરોડા :** રંજનાબેન વા/ઓ ગજેંદ્રસિહ રાજપુત(ઉ.વ.૪૦)(રહે,સ્વામીનારાયણ પાર્ક સોસાયટી, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૦૧/૧૮ સાંજના ૫/૧૫ વાગ્યાના સુમારે નરોડા “પગરખા” નામની દુકાન પાસે રોડ પરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ રંજનાબેનના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી જયેંદ્રસિહ રૂપસિહ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૧૮૩/૧૮**

**સરખેજ :** કીર્તીબેન વા/ઓ અમીતભાઈ બીપીનચંદ્ર પંડ્યા (ઉ.વ.૩૩)(રહે,સુભવીલા-૨, રેસીડેન્સી પ્લેઝર ક્લબ સામે, મણીપુર ઘુમા બોપલ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૧/૧૮ ના કલાક ૨/૪૫ વાગ્યાના સુમારે સાણંદ સર્કલ થી ઈસ્કોન જતા અંદાજ પાર્ટી પ્લોટની સામે કટ ઉપર એસ.જી.હાઈવે રોડ ઉપર પોતાની વેગનાર કારમાં પોતાના પરિવાર સાથે પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક ફોર વ્હીલ કાર નંબર જીજે.૦૧.આર.એસ.૩૦૦૬ નો ચાલક (જેના નામ-ઠામની ખબર નથી તે) પોતાના કબ્જાની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી લાવી, વેગનાર કાર ને ટકકર મારતા, પોતાને તેમજ તેમની સાસુ અને દિકરાને શરીરે ઇજાઓ થઇ હતી, તેમજ કીર્તીબેન ના પતિ અમીતભાઈ અને સસરા બીપીનચંદ્રને શરીરે ગંભીર ઇજાઓ થતાં તેઓ બંનેનું સ્થળ ઉપર મૃત્યુ નિપજ્યુ હતુ.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.